# બ્રીજસેલ

## <u>૨૦૧૭–૧૮</u>

| અપીલ નંબર/ વર્ષ | માહિતીની વિગત | અપીલ હુકમ નં. અને તારીખ |
|---|---|---|
| ૧<br>૨૦૧૭–૧૮ | અરજદાર શ્રી અરવિંદભાઈ વશરામભાઈ પડાયાની આઈ.ડી.નં. ૯૦, તા.૧૭/૦૪/૧૭ ની અપીલ અરજી | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./ ૦૪ તા. ૧૬/૦૬/૧૭ |
| ૨<br>૨૦૧૭–૧૮ | અરજદાર સુરત શહેર કોંગ્રેસ મહામંત્રી, શ્રી મુકેશ ગણપતલાલ રાણાની આઈ.ડી.નં. ૧૦૪, તા.૧૯/૦૪/૧૭ ની અપીલ અરજી | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./ ૦૭ તા.૪/૭/૧ ૭ |

**૨૦૧૭–૧૮**

**હુકમ નં.૧**

અરજદાર શ્રીની આઈ.ડી.નં. ૯૦, તા.૧૭/૦૪/૧૭ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–

અપીલ અરજી નં. SMC/BRIDGE CELL/FAP/IN./No.01/2017-18.

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૧૭/૦૫/૧૭ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૧૮/૦૫/૧૭ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની આઈ.ડી.નં. ૯૦, તા.૧૭/૦૪/૧૭ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૧૯/૦૪/૧૭ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા ઉધના કાંકરા ખાડી પાસે જીવન જયોત સિનેમા પાસે પુલ બનાવવાનાં કામે કે જે ૧૯૯૪ માં મે.વશરામ બિજલ પડાયા એન્ડ કું., ને મળેલ કામનાં સંદર્ભે મુદ્દા નં. ૧ થી ૯ ની માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એ.જે.સોલંકી ધ્વારા અરજદારની અરજીમાં માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા નં. ૧ થી ૯ ની પુર્તતા અંગેની " માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ ૮(૧)(ચ) ની જોગવાઈઓને આધિન હાલ પુરતું માહિતી આપી શકાય એમ નથી." એમ અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૦૭, તા.૨૭/૦૪/૧૭ થી અરજદારનેનિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં તેઓ ધ્વારા માહિતી / દસ્તાવેજો પુરા પાડવામાં આવેલ નથી. તેવું જણાવી, નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૧૫/૦૬/૧૭ ના રોજ રજુઆત કરતાં જણાવેલ કે, અરજદાર ધ્વારા પ્રથમ આર.ટી.આઈ.હેઠળની અરજીમાં માંગવામાં આવેલ માહિતી કે જેમાં, અરજદાર ધ્વારા "શ્રી વશરામ બીજલ એન્ડ કું."નાં બ્રીજનાં બાંધકામ અંગેના હોઈ, સદર મેટરમાં સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવા અંગેનાં નાણાં બાબતે શ્રી વશરામ બીજલ એન્ડ કુ. તથા જે તે કામનાં સ્યોરીટીનાં નાંણા ભરપાઈ કરવા બાબતે નોટીસ આપનાં સ્યોરીટી ધ્વારા હાઈકોર્ટમાં કેસ દાખલ કરાયેલ છે. કેસની સુનાવણી ચાલુ હોય,સદર કેસને લગતા પેપર્સ અત્રેથી અરજદારને આપવામાં આવેલ નથી. (સદર કેસનાં વકીલશ્રી ધ્વારા પણ પેપર આપવા મનાઈ ફરમાવવામાં આવેલ છે.) " કરેલ.

૬. રીમાર્કસ઼ :–

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૧૫/૦૭/૨૦૧૭ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમા અરજદારને સ્થાને સદર કંપનીનાં ભાગીદાર ( મે.વશરામ બિજલ પડાયા એન્ડ કું., ) શ્રી દિનેશભાઈ વશરામભાઈ પડાયા કે જેઓ કંપનીના કામકામ અંગે જવાબદારી વ્યકિત હોઈ, હાજર રહેલ હતા. જયારે જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એ.જે.સોલંકી હાજર રહેલ અને પોતાના પક્ષ અન્વયે જણાવેલ કે, "શ્રી વશરામ બીજલ એન્ડ કું."નાં બ્રીજનાં બાંધકામ અંગેના હોઈ, સદર મેટરમાં સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવા અંગેનાં નાણાં બાબતે શ્રી વશરામ બીજલ એન્ડ કુ. તથા જે તે કામનાં સ્યોરીટીનાં નાંણા ભરપાઈ કરવા બાબતે નોટીસ આપનાં સ્યોરીટી ધ્વારા હાઈકોર્ટમાં કેસ દાખલ કરાયેલ છે. કેસની સુનાવણી ચાલુ હાય,સદર કેસને લગતા પેપર્સ અત્રેથી અરજદારને આપવામાં આવેલ નથી. (સદર કેસનાં વકીલશ્રી ધ્વારા પણ પેપર આપવા મનાઈ ફરમાવવામાં આવેલ છે.) " કરેલ. આમ, જા.મા.અધિકારીએ પોતાનો પક્ષ / રજુઆત કરેલ હતી.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર આઈ.ડી.નં. ૯૦, તા.૧૭/૦૪/૧૭ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ આપવામાં આવેલ નથી. જે યોગ્ય જણાતું નથી. કોર્ટ મેટર બાબતે સીધો સંદર્ભ જણાતો નથી. સદર બાબતે અરજદારને સ્થાને સદર કંપનીનાં ભાગીદાર ( મે.વશરામ બિજલ પડાયા એન્ડ કું., ) શ્રી દિનેશભાઈ વશરામભાઈ પડાયા કે જેઓ કંપનીના કામકામનાં વહન કરતાં જવાબદારી વ્યકિત તથા નફા નુકશાનના હિસ્સેદાર હોઈ, તા.૧૫/૬/૧૭ થી અરજદારની તેમજ જાહેર માહિતી અધિકારની રૂબરૂ રજુઆતોને ધ્યાને લઈ, અરજદારની પ્રથમ મુળ અરજીનાં મુદ્દા નં. ૧ થી ૯ ની માહિતી દફતરી રેકર્ડ ચેક કરી ફરી દિન–૧૫ માં એટલે કે તા.૩૦/૦૬/૨૦૧૭ પહેલા અરજદારને વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**૨૦૧૭–૧૮**

**હુકમ નં.૨**

અરજદાર સુરત શહેર કોગ્રેસ મહામંત્રી, શ્રીની આઈ.ડી.નં. ૧૦૪, તા.૧૯/૦૪/૧૭ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–

અપીલ અરજી નં. SMC/BRIDGE CELL/FAP/IN.No.02/2017-2018

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૧૨/૦૬/૨૦૧૭ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૧૩/૦૬/૨૦૧૭ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની આઈ.ડી.નં.૧૦૪, તા.૧૯/૦૪/૨૦૧૭ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૨૧/૦૪/૨૦૧૭ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એ.જે.સોલંકી ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દા નં. ૧ થી ૫ ની માહિતી કે જે અત્રેના ખાતાને સંલગ્ન ન હોવાથી અરજદારને ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી / પુર્તતા અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૧૧, તા.૧૦/૦૫/૨૦૧૭ થી અરજદારને નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં આપેલ પુર્તતા / જવાબ " આપવામાં આવેલ માહિતી સંતોષકારક રીતે મળેલ નથી. " હોવાનું જણાવી, નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૨૯/૦૬/૧૭ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદાર ધ્વારા પ્રથમ આર.ટી.આઈ.હેઠળની અરજીમાં માંગવામાં આવેલ માહિતી કે જેમાં," તા.૧૬/૪/૧૭ અને તા.૧૭/૪/૧૭ ના રોજ મા.વડાપ્રધાનશ્રી જે બે દિવસની સુરતની મુલાકાત અર્થે આવેલ તેમા થયેલ ખર્ચની વિગતો અંગે મુદ્દા નં.૧ થી ૫ની માહિતી માંગવામાં આવેલ." જેની પુર્તતા સંદર્ભે અત્રેના ખાતાને સદરહું માહિતી સંલગ્ન ન હોવાથી અત્રેના ખાતાની માહિતી "નીલ" આપતો પત્ર અરજદારને નિયત સમયમર્યાદામાં મોકલવામાં આવેલ. પરંતુ અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં " માહિતી સંતોષકારક રીતે મળેલ ન હોવાનું જણાવતાં, અરજદારશ્રીએ પ્રથમ અપીલ અરજી કરેલ.

૬. રીમાકર્સ :–

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૨૯/૦૬/૨૦૧૭ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમા અરજદાર ગેરહાજર રહેલ જયારે જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એ.જે. સોલંકી હાજર રહેલ અને પોતાના પક્ષ અન્વયે જણાવેલ કે, અરજદારને તેઓની પ્રથમ અરજીનાં સંદર્ભે જ ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ માંગેલ માહિતી સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ તથા પ્રથમ અપીલ અરજીમાં અરજદાર ધ્વારા માંગેલ માહિતી સંતોષકારક રીતે મળેલ ન હોવાનું જણાવવામાં આવેલ છે. આમ, જા.મા.અધિકારીએ પોતાનો પક્ષ / રજુઆત કરેલ હતી.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર તા.૧૯/૦૪/૨૦૧૭, આઈ.ડી.નં.૧૦૪ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય માહિતી પુરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારની પ્રથમ અપીલ અરજીમાં કરવામાં આવેલ રજુઆત યોગ્ય નથી. જા.મા.અધિકારી ધ્વારા ખાતાને સંલગ્ન માહિતી / પુર્તતા કરવામાં આવેલ છે. જેથી અરજદારની અપીલ અરજી અન્વયે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in